પ્રવાસીઓના વધેલા ધસારા વચ્ચે

ભુજ-મુંબઈ વચ્ચે સાપ્તાહમાં માત્ર ૪ ફલાઈટ, જયારે કંડલાથી ડેઈલી સેવા

જિલ્લા મથક સાથે ફરી એક વખત અન્યાય : ભુજથી અગાઉની માફક રોજ વિમાન ઉડે, તો મોટા વર્ગને થાય ફાયદો: પ્રજાકીય પ્રતિનિધિઓ તેમજ વિવિધ સંગઠનો રજૂઆત માટે આગળ આવે તે જરૂરી

ભુજ : કચ્છ - મુંબઈ વચ્ચે હજુ પણ રેલ સેવા ઠપ્પ હોઈ હવાઈ સેવા પર પ્રવાસીઓનું ભારણ વધ્યું છે. ભુજ - મુંબઈ વચ્ચે પ્લેનની સંખ્યા વધારવાના બદલે સેવાને સીમીત કરી સપ્તાહમાં માત્ર ચાર દિવસથી પ્લેન ઉડી રહ્યું છે. જ્યારે બીજીતરફ કંડલા - મુંબઈ વચ્ચે ડેઈલી સેવા હોઈ પશ્ચિમ કચ્છના પ્રવાસીઓ સાથે અન્યાય થઈ રહ્યો છે.

આ અંગેની વિગતો મુજબ અગાઉ જેટ એરવેઝની સેવા ચાલુ હતી, ત્યારે ભુજ- મુંબઈ વચ્ચે દૈનિક સેંકડો પ્રવાસીઓ મુસાફરી કરતા હતા, પરંતુ જેટની સેવાનો સંકેલો થયા બાદથી એક માત્ર ઈન્ડિયા જ ઉપલબ્ધ નાના પ્લેનના લીધે પ્રવાસીઓની સંખ્યા ઘટવાની સાથે સેવા પણ ઘટી છે. કોરોનાને પગલે લોકડાઉનના પ્રારંભે હવાઈ સેવા બંધ રહ્યા બાદ સરકારી ગાઈડ લાઈનને અનુસરીને ડોમેસ્ટીક સેવા શરૂ તો થઈ ગઈ છે, પરંતુ ભુજ - મુંબઈ વાયા દિવ થઈ પ્લેન ઉડી રહ્યું હોઈ પ્રવાસનો સમય તો વધ્યો જ છે. સાથો સાથ સપ્તાહમાં માત્ર ચાર દિવસ જ સેવા હોઈ પશ્ચિમ કચ્છના પ્રવાસીઓને બસ કે ખાનગી ગાડીઓ દ્વારા મુસાફરી કરવી પડી રહી છે. એરપોર્ટ સાથે સંકળાયેલા સુત્રોએ વિગતો આપતા જણાવ્યું કે, ભુજ - મુંબઈ વચ્ચે પ્રવાસીઓની સારી એવી સંખ્યા રહેતી હોવા છતાં અઠવાડિયામાં માત્ર ચાર દિવસ જ સેવા છે. બીજીતરફ કંડલા- મુંબઈ વચ્ચે દરરોજ ફ્લાઈટ ઉડી રહી છે. ભુજ કે પશ્ચિમ કચ્છના અન્ય વિસ્તારના લોકોને કંડલાથી ફ્લાઈટ પકડવી અનુકુળ રહેતી નથી. ત્યારે ભુજની પણ ડેઈલી સેવા શરૂ થાય તે માટે પ્રજાકીય પ્રતિનિધિઓ અને વિવિધ સંસ્થાઓ રજૂઆત માટે આગળ આવે તે જરૂરી બન્યું છે.

સોમવારથી એસ.ટી. નિગમનો લોકલ રૂટ શરૂ કરવાનો નિર્ણય

કચ્છમાં એસટી વિભાગને ટેમ્પરેચર ગન મળ્યા બાદ લોકલ રૂટ થશે શરૂ

પાંચેક માસ બાદ રાજ્યના લોકલ એસ.ટી. સેવા શરૂ કરવાનો આદેશ : કચ્છમાં ટેમ્પરેચર ગન મળ્યા બાદ ૯૦ ટકા જેટલા લોકલ રૂટ થશે પૂર્વવત : શાળાઓ બંધ હોવાથી વિદ્યાર્થી ટ્રીપ રદ : કંડકટર જ મુસાફરોનું કરશે સ્ક્રીનીંગ

ભુજ : ૨૨મી માર્ચના જનતા કર્ફ્યુ બાદ કચ્છ સહિત રાજ્યમાં એસટીના લોકલ રૂટ બંધ હાલતમાં છે. જો કે એસટી નિગમે રાજ્યમાં તમામ લોકલ રૂટ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે અને ટેમ્પરેચર ગન વડી કચેરી દ્વારા ફાળવવામાં આવી રહી છે. અત્યાર સુધી તમામ બસો પોઈન્ટ ટુ પોઈન્ટ ચાલતી હતી અને પોઈન્ટ પર મુસાફરોને સેનેટાઈઝ કરાયા બાદ ટેમ્પરેચર ગનથી ચકાસણી કરવામાં આવતી હતી અને ત્યારબાદ મુસાફરોને બસમાં પ્રવેશ આપવામાં આવતો હતો. જોકે સોમવારથી રાજ્યમાં એસટી વિભાગે તમામ લોકલ રૂટ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ બાબતે કચ્છ એસટી વિભાગના નિયામક ચંદ્રકાંત મહાજને જણાવ્યું હતું કે, સોમવારથી તમામ જિલ્લાઓમાં લોકલ રૂટ શરૂ કરવાનો આદેશ આવી ચૂક્યો છે. જો કે કચ્છમાં હજુ ટેમ્પરેચર ગન ફાળવાઈ નથી. અંદાજીત ૭૦ જેટલી ટેમ્પરેચર ગનની જરૂરીયાત છે જે અંગે વડી કચેરીને ધ્યાન દોરવામાં આવ્યું છે. અને ગનની ફાળવણી થયા બાદ લોકલ મોટાભાગના રૂટ શરૂ કરી દેવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે, હાલ શાળાઓ બંધ છે એટલે વિદ્યાર્થી ટ્રીપ શરૂ કરવામાં નહી આવે. તેમજ કંડકટરને જ ટેમ્પરેચર ગન આપવામાં આવશે. જેથી મુસાફરોનું સ્ક્રીનીંગ કંડકટર દ્વારા જ કરવામાં આવશે અને ત્યારબાદ મુસાફરોને બસમાં પ્રવેશ આપાશે. જો કે સામાજીક અંતર જળવાઈ રહે તે માટે બસની કેપેસીટીના ૬૦ ટકા જ મુસાફરોને પ્રવેશ આપવામાં આવશે. અંદાજીત પાંચેક માસ બાદ લોકલ એસટીની સેવા શરૂ થતા ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મુન્દ્રાની કેવડી નદી પર વાહન વ્યવહાર થયો પુર્વવત

હાલમાં વરસેલા ભારે વરસાદથી પાપડી તૂટી હતી જેના લીધે વાહન ચાલકોને વાયા ભોરારા થઈ થવું પડતું હતું પસાર: ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ સંબંધીત તંત્રનું ધ્યાન દોરતા તાબડતોબ માર્ગ થયો શરૂ

ભુજ : મુન્દ્રા તેમજ સમગ્ર પંથક પર થયેલ ભારે મેઘકૃપાને પગલે વર્ષો બાદ કેવડી નદીમાં પાણી આવતા જર્જરીત પાપડી તૂટતા વાહન વ્યવહાર બંધ થયો હતો. દિવસો સુધી વાહન ચાલકોને વાયા ભોરારા થઈ પસાર થવું પડી રહ્યું હતું. ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ આ સંદર્ભે સંબંધીત તંત્રનું ધ્યાન દોરતા ચોવીસ કલાકમાં જ માર્ગ બનતા વાહન વ્યવહાર પૂર્વવત થઈ ગયો છે. મુન્દ્રાની કેવડી નદીની પાપડી તૂટતા વાહન ચાલકોને થઈ રહેલી હાલાકી સંદર્ભે તાલુકા ભાજપ પ્રમુખ શિવજીભાઈ ગઢવી, પૂર્વ પ્રમુખ વાલજીભાઈ ટાપરિયા દ્વારા ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાને રજૂઆત કરાતા ધારાસભ્ય શ્રી જાડેજાએ સ્થળની રૂબરૂ મુલાકાત લઈ માર્ગ સત્વરે બનાવવા માર્ગ મકાન વિભાગના અધિકારીઓને જણાવતા ચોવીસ કલાકમાં જ કામ પૂર્ણ થતા વાહન ચાલકોને રાહત મળી છે. મુન્દ્રા સરપંચ ધર્મેન્દ્ર જેસર, કિશોરસિંહ પરમાર, માર્ગ મકાન વિભાગના શ્રી સોલંકી, વિરાજભાઈ સહિતનાઓએ પણ જહેમત ઉઠાવી હતી.

WELSPUN CORP

વેલસ્પન કોર્પ લિમિટેડ

[illegible]

નોટિસ

[illegible]

(A) [illegible]

(B) [illegible]

(C) [illegible]

(D) [illegible]

(E) [illegible]

(F) [illegible]

(G) [illegible]

(H) [illegible]

(I) [illegible]

(J) [illegible]

[illegible]

સંજોગનગરના રહેણાંક મકાનોમાં ગટરના પાણી ભરાતા કરાઈ રજૂઆત

ભુજ : શહેરના સંજોગનગરમાં ગટરની સમસ્યાને કારણે સ્થાનિકો અતિશય ચોકારી ઉઠ્યા છે. ગટરની સમસ્યાથી પીડિત મહિલાઓ મોરચો ખોલીને નગરપાલિકામાં રજૂઆત માટે આવી હતી.

મહિલાઓના જણાવ્યા પ્રમાણે તેમના ઘરમાં ગટરના પાણી ભરાયા છે. છેલ્લા ૧૨ દિવસથી સ્થાનિકો ગટરના વહેતા પાણીને કારણે પરેશાન છે. પરંતુ સુધરાઈના તંત્રના કોઈ જ જવાબદારો જોવા પણ આવ્યા નથી. સંજોગનગરમાં મોટાપીર રોડ પર મદ્રેસા પાસેની ગલીમાં ગટરના વહેતા પાણી લોકોના ઘરમાં ઘુસ્યા છે. ત્યારે તાત્કાલિક ધોરણે આ સમસ્યાનો નિકાલ કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

ખખડધજ બનેલ નેશનલ હાઈવે ૮ અંગે કચ્છી રાજ્યમંત્રીએ કેન્દ્રીય મંત્રીને લખ્યો પત્ર

પંચાયત અને રાજ્યના રસ્તાઓ સંદર્ભે રાજ્યના માર્ગ-મકાન મંત્રી નીતિન પટેલનું દોર્યું ધ્યાન

ભુજ : કચ્છ સહિત રાજ્યભરમાં વરસેલા ભારે વરસાદને પગલે રસ્તાઓ ખખડધજ બન્યા છે. પંચાયત અને રાજ્ય માર્ગ-મકાન વિભાગની સાથે સાથે નેશનલ હાઈવેના રસ્તાઓ પર પણ ખાડાઓ પડતા વાહન ચાલકોની હાલાકીમાં વધારો થયો છે ત્યારે નેશનલ હાઈવે ૮ પણ ખખડધજ બનતા કચ્છી રાજ્યમંત્રી વાસણભાઈ આહિરે કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીને પત્ર લખી રજૂઆત કરી છે. બીજી તરફ પંચાયત અને રાજ્યના રસ્તાઓની પરિસ્થિતિ અંગે માર્ગ-મકાન મંત્રી નીતિન પટેલને પત્ર લખ્યો છે.

રાજ્યમંત્રી વાસણભાઈ આહિરે કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યની દક્ષિણ તરફ જતા અને ખાસ કરીને મુંબઈ - મહારાષ્ટ્ર જતા વેપારીક વાહનો નેશનલ હાઈવે નં.૮નો ઉપયોગ કરે છે. નોર્થ અને સાઉથ કોરીડોરના ટ્રાફિક માટે પણ ગુજરાતમાં આવતા નેશનલ હાઈવે ૮નો બેડાથી વાપી સુધીના માર્ગનું ખુબજ મહત્વ છે. અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ તરીકે અને રાજ્યના ટ્રાન્સપોર્ટર્સ તેમજ એસોસિએશનો અને પડોશી રાજ્યોના એસોસિએશનો દ્વારા પણ આ ફરિયાદો અને રજૂઆતો મળી છે. વડોદરાથી વાપી સુધીના હાઈવે ઉપર અનેક જગ્યાએ રસ્તાઓનું ધોવાણ થયું છે. ભરૂચ નર્મદા બ્રિજ પર, સુરત નજીક કીમ કામરેજ પાસે તેમજ વલસાડ - ઉદવાડાની વચ્ચે ટ્રાફિકજામની ખુબજ સમસ્યા છે. અનેક વખત પાંચથી છ કલાક સુધી વાહનો અટકી જાય છે. વડોદરાથી વાપી સુધીનો રસ્તો જે ચારથી પાંચ કલાકમાં કપાય તે પસાર કરતા ૧૦ થી ૧૫ કલાક લાગે છે. માર્ગની હાલત બગડી હોવા છતાં નેશનલ હાઈવે ઓથોરિટી કે પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક અવસ્થાપન અંગે કોઈ જ વ્યવસ્થા કરાઈ નથી. ગાડી માલિકો તેમજ કંપનીઓનો માલ સમયસર પહોંચાડવામાં મદદ મળે તે હેતુથી સત્વરે યોગ્ય કાર્યવાહી કરવા પણ કચ્છી રાજ્યમંત્રીએ રજૂઆત કરી છે. બીજી તરફ પાલનપુરથી ગાંધીધામ નેશનલ હાઈવેની સ્થિતિ પણ ખુબજ ખરાબ અને જર્જરીત જણાવેલ હોવાનું પણ તેમણે પત્રમાં ઉલ્લેખ કર્યો છે.

કચ્છ આત્મહત્યા અટકાવ ફોરમના હોદ્દેદારોની બિનહરીફ વરણી

ભુજ : સમગ્ર વિશ્વ આજે વિકાસ તરફ તીવ્ર ગતિ માંડી છે ત્યારે આધુનિકતાની આ ગતિએ સમગ્ર વિશ્વ તરફ એક નવા જ પડકારને જન્મ આપ્યો છે અને તે છે હતાશા, નિરાશા, અનેક માનસિક બિમારીઓ અને તેનું અંતિમ પરિણામ એટલે આત્મહત્યા કચ્છમાં પણ આત્મહત્યાનું પ્રમાણ પણ મોટાપાયે માથુ ઉચકતું રહ્યું છે. લોકોને જીવનમાં આવતી હતાશા નિરાશાને દુર કરી વ્યક્તિને આત્મહત્યાના વિચારોમાંથી બહાર કાઢી તેને સ્વસ્થ જીવન જીવવા માટે મદદરૂપ થવાના હેતુથી ભુજના એક કાઉન્સેલરના આંતરરાષ્ટ્રીય નિષ્ણાત મનોચિકિત્સક ડો. દેવજ્યોતિ શર્મા દ્વારા વર્ષ ૨૦૧૮માં કચ્છ આત્મહત્યા ફોરમની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થાના વર્ષ ૨૦૨૦-૨૧ માટે નવા હોદેદારમાં પ્રમુખ તરીકે કચ્છ યુનિ.ના રિટાયર્ડ [illegible] ડો. કલ્પના સતીજા, ઉપપ્રમુખ ફિઝીશીયન ડો. આદિત્ય [illegible], મંત્રી શાંતિલાલ પટેલ, સહમંત્રી ડો. દીપેશ ઠક્કર જ્યારે [illegible] કમિટીમાં ડો. દેવ જ્યોતિ શર્મા, ડો. [illegible], ડો. સુરેશ પટેલ, ડો. ધવલ મહેતા, એજ્યુકેશન કમિટીમાં પ્રમુખ પરેશ પેઢા, એ.જી. ભાનુશાળી, સુજાતબેન, સોશ્યલ મીડિયા કમિટીના હેમંત ઠક્કર, [illegible] અશોક માંડલિયા, સુનિતા ભાનુશાળી, તારક ઠક્કર, [illegible] કમિટીમાં સુનિતા ભાનુશાળી, પરેશ પેઢા, શાંતિભાઈ પટેલ, [illegible] કમિટીમાં [illegible], [illegible] કમિટીમાં [illegible], આરતી અને [illegible] કમિટી [illegible], શાંતિલાલભાઈ પટેલ, [illegible], સુજાતાબેન, સુનિતા ભાનુશાળી, પ્રજ્ઞાબેન [illegible], [illegible] કમિટીમાં જયંતીભાઈ [illegible], રમેશભાઈ [illegible], ડો. કલ્પના સતીજાની બિનહરીફ વરણી કરવામાં આવી છે.

ભુજના જિલ્લા ટ્રાફિક સ્કોર્ડ ખાતે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ સંજુભાઈનું કોવિડ-૧૯ના કારણે અવસાન થતાં ગુજરાત રાજ્યના તમામ પોલીસ અધિકારી-કર્મચારીઓએ બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપી હતી. તેના ભાગરૂપે સમગ્ર પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા મૌન પાળી શ્રદ્ધાંજલી આપી હતી. જેમાં એસપી સૌરભસિંઘ, ડીવાયએસપી જે.એન. પંચાલ વગેરે અધિકારી-કર્મચારી હાજર રહ્યા હતા.

રાપરના સુખપર વિસ્તારમાં હત્યાના બનાવમાં આરોપીની જામીન અરજી નામંજૂર

રાપર : તાલુકાના સુખપર વિસ્તારમાં પ્રેમસંબંધનો મનદુઃખ રાખીને યુવાનને મોતને ઘાટ ઉતારવાના કેસમાં આરોપીની જામીન અરજી ભચાઉ સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી.

આ કેસની વિગત મુજબ રાપર તાલુકાના સુખપર વિસ્તારમાં મરણજનાર કાનજી ભચુ રાઠોડને ફોન કરીને બોલાવી [illegible] રાજા ગોહિલે તેની બહેન સાથે કાનજીને સંબંધ હોવાની શંકા રાખીને ગળામાં છરીના ઘા મારી કાનજીની હત્યા કરી હતી. બનાવ બાદ પોલીસે આરોપીની અટક કરી કોર્ટમાં રજૂ કર્યા બાદ જેલ હવાલે કરાયો હતો. આરોપીએ અધિક સેશન્સ કોર્ટ ભચાઉ સમક્ષ જામીન અરજી કરતા અને સુનાવણી વખતે સરકારી વકીલ ડી.બી. જોગીએ આરોપીની જામીન અરજી નામંજૂર કરવા ધારદાર રજૂઆત કરતા ભચાઉના સેશન્સ જજ આરોપી [illegible] ગોહિલની [illegible] જામીન અરજી નામંજૂર કરી હતી.

માંડવી ફાયરીંગ પ્રકરણમાં પોલીસની જુદી-જુદી ટીમો દ્વારા પાટણમાં તપાસ

ફાયરીંગ માટે વપરાયેલ તમંચો પાટણના કોઈ ડફેર પાસેથી મંગાવાયેલો

ભુજ : માંડવીમાં મિલકતના વિવાદ મુદે ભુજના પૂર્વ નગરસેવક યાકુબ [illegible] અને તેમના મિત્ર પર ગોળીબાર કરવાના કેસની તપાસ પાટણ સુધી લંબાઈ છે. બનાવમાં વપરાયેલો તમંચો પાટણથી ખરીદાયો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ફાયરિંગની ઘટનામાં તાત્કાલિક આરોપી વિક્રમ ભાટીયાની ધરપકડ કરી હતી. અને તેને કોર્ટમાં રિમાન્ડની માંગ સાથે રજૂ કરીને આગામી ૮મી સપ્ટેમ્બર સુધીના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. રિમાન્ડ દરમિયાન આરોપીની પુછતાછ સાથે વધુ પુરાવા એકત્ર કરવાની કામગીરી પોલીસે હાથ ધરી છે.

આરોપીની પ્રાથમિક પુછતાછમાં સામે આવેલી વિગતો મુજબ ફાયરિંગ માટે વપરાયેલી બંદૂક તેણે પાટણના એક શખ્સ પાસેથી ખરીદી હતી.

આ અંગે ડીવાયએસપી જે.એન પંચાલે જણાવ્યું હતું કે, પાટણમાં રહેતા કોઈ ડફેર પાસેથી આરોપીએ તમંચો મંગાવ્યો હતો. ત્યારે માંડવી પોલીસ અને એલસીબીની ટીમ આ ગુના સામે તપાસઅર્થે પાટણ રવાના કરાઈ છે.

ગઢશીશાના તબીબ ડો.લાલાણી અને લેબ ટેકનીશીયન કોરોનાની ઝપેટમાં

અસરગ્રસ્ત તબીબ અને લેબ ટેકનીશીયન મસ્કા કોવિડ હોસ્પિટલમાં સારવાર હેઠળ : હોસ્પિટલ ઓપીડીની યાદી મુજબ ગઢશીશા વિસ્તારના જુદા જુદા ગામોના સંપર્કમાં આવેલા દર્દીઓ કરાયા હોમ ક્વોરેન્ટાઈન : તમામના ટેસ્ટ થવા જરૂરી : કોરોનાનો રાફડો ફાટવાની સેવાતી ભીતિ : ગામના સરપંચ દ્વારા જાહેર જનતાને સરકારની ગાઈડલાઈન મુજબનાં નિયમોનું પાલન કરવા કરાયો જાહેર અનુરોધ : આ દિશામાં નિયમ પાલન માટે પોલીસ બની સતર્ક

ગઢશીશા : કચ્છમાં સપ્ટેમ્બર માસમાં કોરોનાનો કહેર યથાવત રહેવાની સાથે મંદ ગતીએ ગઢશીશા વિસ્તારમાં કોરોનાનો પગ પેસારો થતા જઈ રહ્યો છે. જેમાં સરકારની ગાઈડલાઈન મુજબના નિયમ પાલનમાં લોકોની લાપરવાહી જોવા મળી રહી છે. લોકો કોઈપણ જાતના ડર વગર જાહેર જગ્યાઓએ મેળાવડા કરવાની સાથે ચાની કુટીઓ પર જોવા મળી રહ્યા છે. તો બેખોફ વિના માસ્ક વાહનો પર નજરે પડી રહ્યા છે. પોલીસની કડક કાર્યવાહી છતાં લોકો સુધરવાનું નામ લેતા નથી. રસ્તાઓની દુકાનોમાં પણ સોશિયલ ડિસ્ટન્સ જળવાતું નથી. આ બાબતે અગાઉ પણ નિયમ પાલન માટે વેપારી મંડળ દ્વારા જાહેર અપીલ કરાઈ હતી, પરંતુ પરિણામ શૂન્ય જોવા મળી રહ્યું છે.

શાકભાજીની રેકડીઓ પર પણ આજ પરિસ્થિતિ જોવા મળી રહી છે ત્યારે જાગૃત નાગરિકો નિયમ પાલન માટે વારંવાર લોકોને ચેતવી રહ્યા છે. ગઢશીશા ખાનગી હોસ્પિટલના તબીબ અને લેબ ટેકનીશીયનનો રિપોર્ટ પોઝિટિવ આવતા ગઢશીશા વિસ્તારમાં કોરોનાનો ફેલાવો વકરવાની ભીતિ સેવાઈ રહી છે ત્યારે દરેક ગામોના અગ્રણીઓ લોક જાગૃતિ માટે આગળ આવે તે જરૂરી છે. શક્ય હોય તો જ્યાં વધુ ભીડભાડ થતી હોય અને સંક્રમણની શક્યતા રહેતી હોય તેવી જગ્યાઓ પર સ્વૈચ્છિક પાબંદી લાગવી જરૂરી બની છે. ઉપરાંત વધુ લોકોને સ્વયંભુ હોમ કોરોનટાઈન થવા હોવાની માહિતી મળી રહી છે.

આર્ચિયન કંપની દ્વારા કોવિડ હોસ્પિટલને બે વેન્ટિલેટર અપાયા

ભુજ : કચ્છમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે અને આવા દર્દીઓને શ્વાસોશ્વાસની તકલીફ ખુબ જ રહેતી હોય છે, ત્યારે જિલ્લા તંત્ર દ્વારા શરૂ કરાયેલી કોવિડ-૧૯ હોસ્પિટલમાં આર્ચિયન કંપની દ્વારા બે વેન્ટિલેટર આપવામાં આવ્યા હતા. કોરોનાના દર્દીઓની સંખ્યાને ધ્યાને લઈ આર્ચિયન કેમિ. પ્રા.ના આર્ચિયન ફાઉન્ડેશન દ્વારા આધુનિક ટેક્નોલોજી સજ્જ એસ-૮૦ મોડલ હાઈફ્લો ઓક્સિજન થેરાપી ઈન્સ્ટ્રુમેન્ટ નંગ-૨ કચ્છ કલેક્ટર પ્રવીણા ડી.કે.ને અર્પણ કરવામાં આવ્યા હતા. આ વેન્ટિલેટર મશીનોને તાત્કાલીક જી.કે. જનરલમાં કોવિડ આઈસોલેશન વોર્ડમાં કાર્યરત કરાયા હતા. આ પ્રસંગે અધિક જિલ્લા કલેક્ટર કુલદીપસિંહ ઝાલા, આપત્તિ વ્યવસ્થાપન [illegible] પ્રાંત અધિકારી મનીષ ગુરવાણી, સિવિલ સર્જન ડો. કશ્યપ બુચ, આર્ચિયન ફાઉન્ડેશન ટ્રસ્ટી એ. અનિલકુમાર હાજર રહ્યા હતા. વ્યવસ્થા ફાઉન્ડેશનના સીએસઆર અધિકારી રોહિત જોષી, જનરલ હોસ્પિટલના મનજીભાઈ ખરેટે સંભાળી હતી.

કચ્છમાં જમીન દફતર અધિક્ષક તરીકે ડી.પી. રાવલને મુકાયા

રાજ્યના ૩ જિલ્લા જમીન દફતર નિરીક્ષકોની બઢતી સાથે બદલી

ભુજ : સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક ગાંધીનગરની કચેરી હેઠળના સામાન્ય રાજ્ય સેવાના જિલ્લા જમીન દફતર નિરીક્ષક વર્ગ-૨ના ૩ અધિકારીઓને જમીન દફતર અધિક્ષક તરીકે બઢતી આપી બદલી કરવામાં આવી છે. કચ્છમાં જમીન દફતર અધિક્ષક તરીકે ડી.પી. રાવલને મુકવામાં [illegible]

૧૨મી વાર્ષિક સામાન્ય મીટીંગ અંગે નોટીસ

[illegible]

તારીખ : [illegible] સપ્ટેમ્બર ૨૦૨૦

અભિનંદન

ધર્મેન્દ્રસિંહ સજુભા લાખુભા જાડેજા

[illegible]

આપશ્રીને ગુજરાત સરકાર તરફથી ગાંધીધામ સેશન્સ કોર્ટમાં આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર (સરકારી વકિલ) તરીકે નિમણુંક થતાં અમો ખુબજ હર્ષની લાગણી અનુભવીએ છીએ અને આપ સતત ન્યાયપાલિકાને વધુને વધુ મજબુત બનાવવા માટે પ્રયત્નશીલ રહો અને ન્યાય ક્ષેત્રે આપ વધુને વધુ નામના મેળવો તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

(શુભેચ્છકો)

★ શ્રી [illegible]
★ શ્રી [illegible]
★ શ્રી [illegible]
★ શ્રી [illegible]
★ શ્રી [illegible]
★ શ્રી [illegible]
★ શ્રી [illegible]
★ શ્રી [illegible]
★ શ્રી [illegible]
★ શ્રી [illegible]
★ શ્રી [illegible]
★ શ્રી [illegible]

હાર્દિક અભિનંદન

શ્રી જયપ્રકાશ પી. મોર
[illegible]
નલિયા-અબડાસા

[illegible] અભિનંદન. [illegible]

ભાભા કેટરર્સ-જગદીશ મારાજ
સચિન જે. જોષી (એડવોકેટ)
નલિયા-અબડાસા

HAPPY BIRTHDAY

જન્મદિન મુબારક

તા.૦૫-૦૯-૨૦૨૦ના **[illegible]**ના શુભ જન્મ દિને 'કચ્છ ઉદય' પરિવાર તેમને ખુબ ખુબ હાર્દિક શુભકામના પાઠવે છે
પિતા : **મહેશ્વરી ગોવિંદભાઈ**
માતા : **મહેશ્વરી લક્ષ્મીબેન**
ગામ : **ભદ્રેશ્વર તા.મુંદરા - કચ્છ**

હાર્દિક અભિનંદન

શ્રીમતિ [illegible] ભીખુભા સોઢા
પ્રમુખશ્રી
નગર સેવા સદન-રાપર

શ્રી ભીખુભા હરિસિંહ સોઢા
રાજકીય અગ્રણી, રાપર
પ્રમુખશ્રી, ડાભુંડા-નીલપર જુથ સેવા સહકારી મંડળી

આપશ્રીની ઉપરોક્ત પદે બિનહરીફ વરણી થતા ખુબ ખુબ અભિનંદન. રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરી લોકહિતમાં વધુ ને વધુ કામો કરો એવી શુભકામના...

શેખ [illegible]-નીલપર
[illegible]

મેઘા હરિ [illegible]
માજી સરપંચશ્રી,
નીલપર